ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની સ્વરોજગારલક્ષી યોજના માટે મળેલ અરજીઓની ચકાસણી કરવા માટે સમિતિની રચના કરવા બાબત

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૯/એમઆર-૧૨૫/અ.૧

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૮/૦૮/૨૦૨૦

વંચાણમાં લીધુ:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: ઇબીસી/ ૧૦૨૦૧૮/૮૧૪/અ૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: ઇબીસી/ ૧૦૨૦૧૮/૮૧૪/અ૧

(૩) અધ્યક્ષશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો તા.૦૨/૦૩/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અ.સ.પત્ર ક્રમાંક: અધ્યક્ષ/૨૦૧૯-૨૦/૪૨૬૧

(૪) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો તા.૧૧/૦૩/૨૦૨૦નો પત્ર ક્રમાંક: બીની/વહીવટ/૨૦૧૯-૨૦/૫૩૨૭

<u>પ્રસ્તાવના:</u>

વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક: (૨) સામેના ઠરાવથી નિગમ માટેની યોજનાઓની જોગવાઇઓ અને આવક મર્યાદામાં સુધારો કરવામાં આવેલ છે તેમજ નવી યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક:(૩) પરના નિગમના અધ્યક્ષશ્રીના પત્ર અને વંચાણે લીધેલા ક્રમાંક: (૪) પરના નિગમના મેનેજીંગ ડિરેક્ટરશ્રીના પત્રથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની સ્વરોજગારલક્ષી યોજનાઓ હેઠળ મળતી અરજીઓની ચકાસણી કરવા એક સમિતિ રચવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**(P.T.O.)**

ઠ રા વ :

૧. પુખ્ત વિચારણાને અંતે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની સ્વરોજગારલક્ષી યોજના માટે મળતી અરજીઓની ચકાસણી માટે નીચે દર્શાવેલ ત્રણ સભ્યોની સમિતિની રચના કરવામાં આવે છે.

(૧) જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા.) /જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.)

(૨) જિલ્લા મેનેજરશ્રી- ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ

(૩) મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીશ્રી(વિ.જા.ક.)

૨. ઉકત ત્રણ સભ્યો પૈકી સૌથી સિનિયર અધિકારી સમિતિના મુખ્ય અધિકારી રહેશે જ્યારે અન્ય અધિકારી/કર્મચારી સમિતિના સભ્યો રહેશે. સમિતિએ મળેલ લોન અરજીઓની નિયમોનુસાર અને પ્રવર્તમાન જોગવાઇઓ ધ્યાને લઈને ચકાસણી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૦૪/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.પી.પટેલ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.

- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,(નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત).
- સેકશન અધિકારીશ્રી,(અ/બજેટ) સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સીસ્ટમ મેનેજરશ્રી, સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૦.